## સમીક્ષા 336 તારીખ 1/7/16

**ભારતીય મૂળના રાજેશ અગ્રવાલ લંડનના ડેપ્યુટી મેયર બન્યા...**

૧) ભારતીયના કારોબારી રાજેશ અગ્રવાલ જુન 2016 માં બ્રિટેનની રાજધાની લંડનના ડેપ્યુટી મેયર બન્યા છે.

૨) રાજેશ અગ્રવાલના મેયર પદની જાહેરાત લંડનના મેયર સાદિકખાન દ્વારા કરવામાં આવી હતી.

૩) 39 વર્ષના રાજેશ અગ્રવાલ મેયર ચૂંટણી દરમિયાન સાદિકખાનન વ્યવસાયિક સલાહકાર તરીકેનું ભૂમિકા ભજવી ચુક્યા છે.

૪) રાજેશ અગ્રવાલ લંડનમાં વિદેશ મુદ્રાનો કારોબાર કરનાર કંપની રેશનલ એફ.એક્સ.ચલાવે છે.

૫) વર્ષ 2015 માં રેશનલએફ.એક્સે. 1.3 અરબ પાઉન્ડ નો કારોબાર કર્યો હતો.

૬) ઇન્ટરનેશનલ માની ટ્રાન્સફર ક્ષેત્રમાં સેંડપે નામની પણ તેમની કંપની છે.

૭) નવ કરોડ પાઉન્ડની આ કંપનીને સંડે ટાઈમ્સની યાદીમાં પણ સ્થાન મળેલ છે.

## સમીક્ષા 337તારીખ 2/7/16

**સંપૂર્ણપણે દેશમાં નિર્મિત લડાયક વિમાન તેજસ સ્ક્વાડ્રન વાયુ સેનામાં સામેલ કરવામાં આવ્યું...**

૧) 1 જુલાઈ 2016 ના રોજ 30 વર્ષ બાદ ભારતની વાયુસેનામાં તેજસ લડાયક વિમાન સામેલ થયું છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) આ તેજસ વિમાનને ફ્લાઈંગ ડ્રેગન નામ આપવામાં આવ્યું છે, પ્રથમ તેજસના બે વર્ઝન એસ.પી.–1 અને એસ.પી.–2 સાથે સ્ક્વાડ્રનની શરૂઆત થશે.

૩) ફ્લાઈંગ ડ્રેગન માટે સાત અધિકારી,42 એર વોરીયર્સ અને 11 એન.સી.ને નિમણુંક આપવામાં આવી છે.

૪) દેશના ભૂતપૂર્વ વડાપ્રધાન વાજપેયીએ આ વિમાનનું નામ તેજસ રાખ્યું હતું.

૫) તેજસ પ્રતિ કલાક 1300 કિમી.થી વધુ ગતિ ધરાવે છે.તેજસ 6560 કિલો વજન ધરાવે છે.

૬) તેજસની આઠ બાજુએ હથિયાર લગાવવાના સ્થાન છે, તેના કારણે તેજસની વેપન સિસ્ટમ મોટા વિસ્તારને આવરી શકશે.

૭) તેજસ વિમાનની ખાસિયત એ છે કે તે હવામાં રહેતા ઇંધણ ભરી શકે છે, તેના કારણે લડાઈના મોરચે કોઈ મુશ્કેલી નડશે નહિ.

## સમીક્ષા 338 તારીખ 3/7/16

**ભારતીય વાયુ સેનાના કેટલાક તથ્યો....**

૧) હાલમાં આપણી વાયુસેના પાસે સુખોઈ–30, એમ.કે.આઈ., મીગ–27 અને બ્રિટનમાં તૈયાર થયેલા જગુઆર આ ઉપરાંત ફ્રાન્સમાં બનેલ મિરાજ–2000 વાપરવામાં આવી રહ્યા છે.

૨) જગુઆર વિમાનનું અપગ્રેડેશન હિન્દુસ્તાન એરોનેટીક્સ લીમીટેડ કંપની કરી રહી છે.

૩) તમામ જગુઆર વિમાનનું અપગ્રેડેશન કરતા આશરે બે વર્ષ જેટલો સમય લાગી શકે છે.

૪) એરફોર્સની એક સ્ક્વાડ્રનમાં 16 થી 18 લડાયક વિમાન હોય છે.

૫) હાલ ભારતીય વાયુસેનામાં 1 જુલાઈ 2016 ના રોજ 33 સ્ક્વાડ્રન છે.

૬) ભારતીય વાયુદળ આગામી વર્ષે માર્ચ સુધીમાં સ્ક્વાડ્રનમાં છ તેજસ સામેલ કરાશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૭) આગામી સમયમાં કુલ 120 તેજસ વિમાન સામેલ કરવાના છે, તેજસના વધુ ચાર વર્ઝન તૈયાર થશે.

## સમીક્ષા 339 તારીખ 4/7/16

**મધ્યપ્રદેશ સરકાર દ્વારા આચાર્ય વિદ્યાસાગરના સન્માન સ્વરૂપે વિદ્યાસાગર જળાશયની જાહેરાત કરી...**

૧) મધ્યપ્રદેશ સરકાર દ્વારા આચાર્ય વિદ્યાસાગરના સન્માન સ્વરૂપે રાજ્યના સોનપુર ખાતે મધ્યમ સિંચાઈ યોજના જળાશયનું નામ આચાર્ય વિદ્યાસાગર નામ પરથી રાખવાની જાહેરાત કરેલ છે.

૨) આચાર્ય વિદ્યાસાગર જૈન તપસ્વી સંત તરીકે ખ્યાતિપ્રાપ્ત છે.

૩) મધ્યપ્રદેશ સરકારના નિર્ણય અનુસાર સાગર જીલ્લાના સોનપુરમાં મધ્યમ સિંચાઈ યોજનામાં કેસલી તાલુકાના ગ્રામ નારાયણપુર પાસે સોનપુર ફીડરમાં ડેમ આવશે.

૪) આચાર્ય વિદ્યાસાગર ડેમ સોનાર નદી પર કેસલી બંધ બનાવવાનો પ્રસ્તાવ છે.

૫) કુલ 127.46 કરોડ રૂપિયાના ખર્ચે આ બંધ તૈયાર કરવામાં આવનાર છે.

૬) આ બંધના માધ્યમથી કેસલી તાલુકાના 33 ગામો લાભાન્વિત થશે.

૭) આ બંધનો ઘેરાવો સાત હજાર હેક્ટર વિસ્તારમાં લાગુ થશે.

## સમીક્ષા 340 તારીખ 5/7/16

**ગુરુપ્રીત સિંહ યુરોપા લીગમાં રમનાર પ્રથમ ભારતીય ખેલાડી બન્યા...**

૧) ભારતીય ફૂટબોલર ગુરુપ્રિત સિંહ સંધુ જુલાઈ 2016 ના પ્રથમ સપ્તાહમાં યુરોપા લીગમાં રમનાર પ્રથમ ભારતીય બનેલા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૨) આ પહેલા સંધુએ નોર્વે પ્રીમિયર લીગમાં સ્ટેબેક એફ.સીની તરફથી પ્રથમ મુકાબલામાં આઈ.કે. સ્ટાર્ટ સામે રમ્યા હતા.

૩) ગુરુપ્રિત સિંહ સંધુ નોર્વેના ટીપ્પે લીગેન ક્લબ માટે રમે છે, તથા ભારતની રાષ્ટ્રીય ટીમ માટે પણ રમે છે.

૪) આમ ગુરુપ્રિત સિંહ યુરોપની કોઈ ક્લબ માટે રમનાર પ્રથમ ભારતીય બનેલા છે.

૫) આ ખેલાડી સિવાય મોહમ્મદ સલીમ, બાઈચુંગ ભૂટીયા, સુનીલ છેત્રી, અને સુબ્રતા પાલ પણ વિદેશો માટે રમી ચુક્યા છે.

૬) પરંતુ ઉપરોક્ત એકપણ ખેલાડી યુરોપા લીગમાં રમ્યા નથી.

૭) ગુરુપ્રિત સિંહે વર્ષ 2010 માં અન્ડર–19 માં ભારત માટે ઈરાક સામે રમતાની સાથે પોતાની કેરિયરની શરૂઆત કરી હતી.

**સમીક્ષા 341 તારીખ 6/7/16**

**ભારતની પ્રથમ કોમર્શીયલ કોર્ટ અને વિવાદ નિવારણ કેન્દ્રની છત્તીસગઢમાં શરુઆત...**

૧) ૨ જુલાઈ 2016 ના રોજ ભારતની પ્રથમ કોમર્શીયલ કોર્ટ અને વિવાદ નિવારણ કેન્દ્રની છત્તીસગઢમાં શરુઆત કરવામાં આવેલ છે.

૨) આ કોમર્શીયલ કોર્ટનું ઉદ્દઘાટન છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ અને સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ મદન બી. લોકુર દ્વારા કરવામાં આવેલ.

૩) આ ન્યાયાલયમાં મધ્યસ્થતા કેન્દ્ર પણ સ્થાપિત કરવામાં આવેલ છે.

૪) આ ઉપરાંત અહી વિડીયો કોન્ફરન્સ, ઈ–કોર્ટ, ઈ–લાયબ્રેરી, ઈ–ફાઈલિંગ જેવી સુવિધાઓ સામેલ છે.

૫) આ તમામ સુવિધાઓ રોકાણકારોને વાણિજ્યિક ગતિવિધિઓ માટે મદદરૂપ બનશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૬) સૌથી અગત્યની બાબત એ કે ન્યાયાલયની ન્યાયિક પ્રક્રિયામાં સુધાર કરવામાં સરળતા રહેશે.

૭) એક નવી કોર્ટ તરીકે દેશને વધારે સારી સેવા આ કોર્ટના દ્વારા પ્રાપ્ત થશે.

## સમીક્ષા 342 તારીખ 7/7/16

માધવ ઢેકાણેને ઈસરોના ઈનરશિયલ સિસ્ટમ યુનિટના નિર્દેશક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા...

૧) જાણીતા વૈજ્ઞાનિક માધવ ઢેકાણેને 1 જુલાઈ 2016 ના રોજ થીરુવનંતપુરમમાં ઈસરોના ઈનરશીયલ સિસ્ટમ યુનિટના નિર્દેશક તરીકે નિયુક્ત કરાયા છે.

૨) માધવ ઢેકાણે ઈસરોના ઈનરશીયલ સિસ્ટમ યુનિટના સાતમાં નિર્દેશક બન્યા છે.

૩) માધવ ઢેકાણેએ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી મુંબઈથી ઈલેક્ટ્રીકલ ઈન્જીનીયરીંગમાં બી–ટેક અને સિસ્ટમ અને કંટ્રોલમાં એમ.ટેકની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

૪) માધવ ઢેકાણેએ વર્ષ 1983 માં વિક્રમ સારાભાઇ સ્પેસ સેન્ટરમાં જોઈન્ટ કર્યું હતું.

૫) તેઓને પ્રક્ષેપણ યાનના નિયંત્રણ અને માર્ગદર્શનમાં ડીઝાઇનમાં વિશેષજ્ઞતા, સોફ્ટવેર વિકાસ મિશનની ડીઝાઇનનો વધારે અનુભવ છે.

૬) આ ઈનરશીયલ સેન્સર અને ઉપગ્રહ પ્રાદ્યોગીકી ક્ષેત્ર પ્રણાલીમાં દક્ષ છે.

૭) આ સંસ્થાની વિશેષતાઓમાં ઈનરશીયલ વહન પ્રણાલીને લોન્ચ કરવું, સ્પેસક્રાફ્ટ પ્રણાલી, ઈનરશીયલ સેન્સર અને પ્રોડક્શન વગેરે સામેલ છે.

## સમીક્ષા 343 તારીખ 8/7/16

**શિલ્પકાર સુદર્શન પટ્ટનાયકે રેતીના 100 રથ બનાવી નવો વિશ્વ રેકોર્ડ સ્થાપિત કર્યો...**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# GK Samixa JULY 2016 સામાન્ય જ્ઞાન

૧) રેત શિલ્પકાર સુદર્શન પટ્ટનાયકે જુલાઈ 2016 માં ઓરિસ્સાના પૂરી તટ પર 100 રેતીના રથ બનાવીને એક વધુ વિશ્વ રેકોર્ડ પોતાના નામે કરેલ છે.

૨) આ સિદ્ધિને કારણે તેમણે લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં તેમનું નામ નોંધાવેલ છે.

૩) તેઓ હર સાલ રેતી પર રથયાત્રા આધારિત શિલ્પો બનાવતા રહ્યા છે.

૪) સુદર્શન પટ્ટનાયકનો જન્મ 15 એપ્રિલ 2016 ના રોજ ઓડીસાના પૂરી જીલ્લામાં થયો હતો.

૫) તેઓને કલા ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ યોગદાન બદલ વર્ષ 2014 માં પદ્મશ્રી સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

૬) વર્ષ 2008 માં ઓરિસ્સા સરકાર દ્વારા દેવામાં આવતો સરલા એવોર્ડ પણ તેઓને મળી ચુક્યો છે.

૭) સુદર્શને રેતશિલ્પો માટે 10 વાર લિમ્કા બુકમાં પોતાનું નામ નોંધાવેલ છે.

૮) તેઓ ઓરિસ્સા આંતરરાષ્ટ્રીય રેત–કલા ઉત્સવના બ્રાંડ એમ્બેસેડર પણ છે.

## સમીક્ષા 344 તારીખ 9/7/16

**કેન્દ્ર સરકાર દ્વારા નમામી ગંગે યોજના શરુ કરાઈ...**

૧) કેન્દ્ર સરકારની યોજના નમામી ગંગેનો પ્રારંભ 7 જુલાઈ 2016 થી થયો.

૨) આ યોજનામાં ગંગા નદીની સફાઈ માટે 2000 કરોડ રૂ. ખર્ચવામાં આવશે.

૩) દેશના પાંચ રાજ્યોમાં ગંગા કિનારે વસેલા 104 ગામ અને શહેરોથી આ પરિયોજના શરુ કરવામાં આવશે.

૪) આ પ્રોજેક્ટ્સમાં 300 જેટલી પરિયોજના પર કાર્ય કરવામાં આવશે.

૫) કેન્દ્ર સરકારના ગંગા પૂન:ર્જીવન અને જળસંસાધન મંત્રી ઉમા ભારતી અને અન્ય મંત્રીઓ દ્વારા આ યોજના હરિદ્વારમાં શરુ કરવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૬) ગંગા અને યમુના બંને નદીની સપાટી પર તરતા ઘન કચરાને દુર કરવા માટે 6 ઉપકરણો લગાડવામાં આવ્યા છે.

૭) ગંગા નદીના શુદ્ધિકરણ પ્રોજેક્ટ્સમાં જાપાન સરકારે સહાય કરેલી છે.

## સમીક્ષા 345 તારીખ 10/7/16

પ્રસિદ્ધ સંગીત નિર્દેશક ઓમીનું અવસાન થયું…

૧) પ્રખ્યાત સંગીત નિર્દેશક જોડી સોનિક–ઓમીના નામથી મશહુર સંગીતકાર ઓમ પ્રકાશ સોનિકનું 7 જુલાઈ 2016 ના રોજ અવસાન થયેલ છે.

૨) મુંબઈ મુકામે તેઓનું અવસાન થયું છે, તેઓ 77 વર્ષના હતા, ઓમી તેમનું ઉપનામ હતું.

૩) ભારતીય સંગીતકાર સોનિક–ઓમી માસ્ટર સોનિક એક અંધ સંગીત નિર્દેશક હતા.

૪) તેઓ પોતાના ભત્રીજા ઓમી સાથે મળીને સંગીત આપતા હતા.

૫) પાકિસ્તાનના સિયાલકોટમાં જન્મેલા ઓમી 1947 માં ભારતના વિભાજન વખતે ભારત આવી ગયા હતા.

૬) સોનિક–ઓમીની ટીમે 1950 થી લઈને 1980 ના સમયમાં 100 થી વધુ હિન્દી ફિલ્મોમાં સંગીત આપ્યું છે.

૭) ભક્તિ મેં શક્તિ, ધર્મ અને દિલને ફિર યાદ કિયા જેવી ફિલ્મોમાં તેમણે મધુર સંગીત આપેલ છે.

## સમીક્ષા 346 તારીખ 11/7/16

**હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પોર્ટલનો શુભારંભ કર્યો…**

૧) 8 જુલાઈ 2016 ના રોજ દિલ્હીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પોર્ટલનો શુભારંભ કરવામાં આવેલ છે.



www.edusafar.com

૨) આ પોર્ટલનો ઉદેશ્ય ખેડૂતોને સાચી સલાહ આપવી અને તેને મળતા તમામ લાભો મળે તે માટેનો રખાયો છે.

૩) કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પોર્ટલની વેબસાઈટ કે.વી.કે. આઈકેર ગવર્નર છે.

૪) દેશના તમામ જિલ્લાઓમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવેલ છે.

૫) દેશના તમામ કૃષિ કેન્દ્રમાં કમસે કમ 1000 ખેડૂતો જોડાયેલા છે.

૬) કે.વી.કે. ની રાષ્ટ્રીય સૂચના સ્તર પર એક જગ્યા ઉપલબ્ધ હોવાને કારણે તેમજ ખેડૂતો અને સામાન્ય નાગરિકો જે મુશ્કેલી પડશે તેનું નિરાકરણ લવાશે.

૭) કે.વી.કે.ને જે વ્યવસાય સાથે જોડેલ હશો તેને સરળતા રહેશે.,તેનાથી કાર્ય સરળ બનાવી શકાશે.

## સમીક્ષા 347 તારીખ 12/7/16

**રાધિકા મેનન સમુદ્રમાં વિશિષ્ઠ કાર્ય કરવા બદલ આઈ.એમ.ઓ. એવોર્ડ જીતનાર વિશ્વના પ્રથમ મહિલા બન્યા...**

૧) ભારતીય નેવીના પ્રથમ મહિલા કેપ્ટન રાધિકા મેનન છે. તેઓને 7 જુલાઈ 2016 ના રોજ વિશિષ્ઠ કામગીરી માટે આઈ.એમ.ઓ. પુરસ્કાર માટે નિયુક્ત થયા છે.

૨) રાધિકાજીને ઇન્ટરનેશનલ મૈરી ટાઈમ ઓર્ગેનાઈઝેશનની તરફથી સન્માનિત કરવામાં આવશે.

૩) સમુદ્રમાં અસંખ્ય સાહસો બતાવવા અને નવો ભાગ લેવા માટે આ એવોર્ડ આપવામાં આવે છે.

૪) રાધિકા મેનન તેલ ઉત્પાદક ટૈંક સંપૂર્ણ સ્વરાજના માસ્ટર છે.

૫) સરકારે કૈપ્ટન મેનનને તમામ સાત માછીમારોને માછલી પકડવાની નૌકા દુર્ગમાંથી બચાવવા બદલ પસંદ કરાયા છે.

૬) આ પુરસ્કાર 21 નવેમ્બર2016 ના રોજ લંડનના મુખ્ય કાર્યાલય પર આપવામાં આવશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૭) વર્ષ 2015 નો આ પુરસ્કાર સયુંકત રાજ્ય અમેરિકાની ક્રિસ્ટોફર લીયોનને આપવામાં આવ્યો હતો.

## સમીક્ષા 348 તારીખ 13/7/16

સંજય ગુપ્તા કોંકણ રેલ્વે કોર્પોરેશન લીમીટેડના સી.એમ.ડી.નિયુક્ત કરાયા...

૧) 8 જુલાઈ 2016 ના રોજ સંજય ગુપ્તાને કોંકણ રેલ્વે કોર્પોરેશન લીમીટેડના અધ્યક્ષ અને નિર્દેશક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) સંજય ગુપ્તા વર્ષ 2013 માં પણ કોંકણ રેલ્વેના નિર્દેશક તરીકે કાર્ય કરતા હતા.

૩) સંજય ગુપ્તાને ભારતીય રેલવેનો 30 વર્ષનો મીકેનીકલ ઓફિસરનો અનુભવ છે.

૪) ઓપરેશન અને કોમર્શીયલ ડાયરેક્ટર પદ પહેલા તેઓ કોંકણ રેલવેના ચીફ મીકેનીકલ એન્જીનીયર હતા.

૫) કોંકણ રેલ્વેનું મુખ્ય કાર્યાલય મુંબઈના બેલાપુરમાં આવેલ છે.

૬) 26 જાન્યુઆરી 1998 થી આ કોર્પોરેશને સંપૂર્ણ પણે ટ્રેનનું સંચાલન સાંભળવાનું શરુ કરેલ છે.

૭) કોંકણ રેલ્વે ટ્રેક પર 20 માર્ચ 1993 ના રોજ ઉડુપી અને મંગલોર વચ્ચે પ્રથમવાર ટ્રેન ચલાવવામાં આવી હતી.

## સમીક્ષા 349 તારીખ 14/7/16

**રુદ્રનીલ સેન દ્વારા લિખિત પુસ્તક ‘રીંગ સાઈડ વિદ્દ વિજેન્દર’નું લોકાર્પણ કરવામાં આવ્યું...**

૧) 8 જુલાઈ 2016 ના રોજ રુદ્રનીલ સેન દ્વારા લિખિત પુસ્તક ‘રીંગ સાઈડ વિદ્દ વિજેન્દર’નું લોકાર્પણ કરવામાં આવ્યું.

૨) આ પુસ્તક જગ્ગેર નોટ બુક્સ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. જેમાં બેઈજીંગ ઓલિમ્પિકમાં કાંસ્ય પદક જીતનાર બોક્સર વિજેન્દર ગુપ્તાના જીવન પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૩) આ પુસ્તકમાં બોક્સર બોક્સરના રિયો ઓલિમ્પિક પહેલા પ્રો બોક્સિંગમાં સામેલ થવા માટે પણ પ્રકાશ પાડવામાં આવ્યો છે.

૪) વિજેન્દર સિંહ ભારતીય મુક્કેબાઝ છે, તેઓએ ભીવાણી બોક્સિંગ કલબમાંથી પ્રશિક્ષણ લીધું છે.

૫) વર્ષ 2006 માં તેઓએ દોહા એશિયન ગેમ્સમાં તેઓએ કાંસ્યપદક જીત્યો હતો.

૬) હવેથી કોમર્શીયલ બોક્સિંગ રમવાને કારણે તેઓ વર્ષ 2016 ના ઓલિમ્પિકમાં ભાગ નહી લઈ શકે.

૭) રુદ્રનીલ લાઉન્જ નામની પત્રિકાના સહ સંપાદક છે.આયોગમાં સેવા આપી હતી.

**સમીક્ષા 350 તારીખ 15/7/16**

**અશોક પટેલને નેટગ્રીડના સી.ઈ.ઓ. બનાવવામાં આવ્યા..**

૧) કેન્દ્ર સરકાર દ્વારા 13 જુલાઈ 2016 ના રોજ અશોક પટનાયકને રાષ્ટ્રીય જસુસી સંસ્થા (નેટગ્રીડના ) સી.ઈ.ઓ. તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) પટનાયક હાલમાં ભારતની મહત્વની ખુફિયા એજન્સી તરીક જાણવામાં આવે છે.

૩) પટનાયક  આ એજન્સીના હાલમાં નિર્દેશક તથા અન્ય નિર્દેશક તરીકે કાર્યરત છે.

૪) પટનાયક વર્ષ 1983 માં ગુજરાત કેડરના આઈ.પી.એસ. અધિકારી હતા.

૫) નેટગ્રીડ એક કેન્દ્રીય સંસ્થા છે તેમાં 70 કર્મચારીઓ સામેલ છે.

૬) આ પરિયોજનાને વિવિધ વિભાગોમાં વહેંચવામાં આવી છે તથા વિવિધ સંસ્થાઓ દ્વારા તૈયાર કરેલ ડેટાને કનેક્ટ કરવામાં આવશે.

૭) આ યોજનાના પ્રથમ ચરણમાં 10 ઉપયોગ કરતા એજન્સી અને 21 સેવા પ્રદાતા પોતાની સાથ જોડાશે. .

સમીક્ષા 351 તારીખ 16/7/16

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો**

**રાજેશકુમાર ચતુર્વેદી કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા...**

૧) 14 જુલાઈ 2016 ના રોજ રાજેશકુમાર ચતુર્વેદીને કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

૨) વર્ષ 2014 ડિસેમ્બરથી આ પદ ખાલી રહ્યું હતું. જે હવેથી ભરાયું છે.

૩) ચર્તુર્વેદીની કેન્દ્રીય પ્રતિનિયુકતિ ડિસેમ્બર 2020 સુધી થયેલી છે.

૪) સી.બી.એસ.ઈ. અધ્યક્ષનું પદ કેન્દ્ર સરકારન સયુંકત સચિવના સ્તરનું છે.

૫) રાજેશ કુમાર ચતુર્વેદી વર્ષ 1987 ની બેચના મધ્યપ્રદેશ કેડરના આઈ.એ.એસ. અધિકારી છે.

૬) આ સમયે ચર્તુર્વેદી દિલ્હીમાં મધ્યપ્રદેશના આવાસીય આયુક્ત હતા.

૭) ચર્તુર્વેદી વર્ષ 2004 થી 2011 સુધી કેન્દ્રીય પ્રતિનિયુક્તિ પર રહ્યા હતા.

**સમીક્ષા 352 તારીખ 17/7/16**

**15 જુલાઈ 2016 ના રોજ વિશ્વ યુવા કૌશલ્ય દિવસ મનાવવામાં આવ્યો...**

૧) 15 જુલાઈ 2016 ના રોજ સમગ્ર વિશ્વમાં વિશ્વ યુવા કૌશલ્ય દિન મનાવવામાં આવ્યો છે.(વર્લ્ડ યુથ સ્કીલ ડે).

૨) આ વર્ષનો યુવા કૌશલ્ય દિવસનો વિષય સ્કીલ્સ ડેવલપમેન્ટ ટુ ઈમ્પ્રુવ યુથ એમ્પ્લોયમેન્ટ રાખવામાં આવ્યો હતો.

૩) આ વર્ષનો વિષય વર્ષ 2030 માટે આગામી સતત વિકાસલક્ષ્ય સાથે સૂચી બદ્ધ છે.

૪) વિશ્વ યુવા કૌશલ્ય દિવસની સ્થાપના 11 નવેમ્બર 2014 ના રોજ સયુંકત રાષ્ટ્ર (યુ.એન.) દ્વારા કરવામાં આવી હતી.

૫) યુ.એન. દ્વારા યુવાઓના કૌશલ્ય વિકાસમાં રોકાણના મહત્વ માટે જાગૃતિ લાવવા માટે આ દિવસ મનાવવામાં આવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૬) ભારતમાં કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યમિતા મંત્રાલય દ્વારા સ્કીલ ઈન્ડિયા કૈમ્પેનની શરૂઆત કરવામાં આવી છે.

૭) આ કૈમ્પેન માટે મંત્રાલય દ્વારા ફ્લેગ શીપ યોજના પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજનાનો પણ પ્રારંભ કરેલ છે.

## સમીક્ષા 353 તારીખ 18/7/16

**માર્ગરિટ અલ્વા લિખિત પુસ્તક કરેજ એન્ડ કમિટમેન્ટ (એક આત્મકથા)...**

૧) જુલાઈ 2016 માં કોંગ્રેસના વરિષ્ઠ નેતા માર્ગરિટ અલ્વા દ્વારા લિખિત પુસ્તક કરેજ એન્ડ કમિટમેન્ટ (એક આત્મકથા) ચર્ચામાં રહ્યું હતું.

૨) આ પુસ્તકમાં તેઓએ દેશના નેતાઓ ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, નરસિમ્હા સાથે કામ કરવાનો અનુભવ વાગોળ્યો હતો.

૩) આ પુસ્તક વિવિધતા પૂર્ણ રાજનીતિ જીવન પર અલેખાયેલું છે.

૪) માર્ગરિટ અલ્વાનો જન્મ 14 એપ્રિલ 1942 ના રોજ થયો હતો.

૫) 6 ઓગસ્ટ 2009 થી 14 મેં 2012 સુધી તેઓ ઉતરાખંડના પ્રથમ મહિલા રાજ્યપાલ બન્યા હતા.

૬) 12 મેં 2012 થી 5 ઓગસ્ટ 2014 સુધી તેઓ રાજસ્થાનના રાજ્યપાલ બની રહ્યા હતા.

૭) માર્ગરિટ અલ્વા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના એક વરિષ્ટ નેતા અને અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સચિવ છે.

## સમીક્ષા 354 તારીખ 19/7/16

**વિશ્વ વારસાના સ્થળોની યાદીમાં ત્રણ ભારતીય સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો...**

૧) યુનેસ્કો દ્વારા 17 જુલાઈ 2016 ના રોજ ઈસ્તંબુલમાં વિશ્વ વારસા સમિતિનું 40 મુ સત્ર યોજાઈ ગયું.

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

૨) મળેલ સમિતિની બેઠકમાં ભારતના ત્રણ સ્થળોને વિશ્વ વારસાની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે.

૩) વિશ્વ વરસની યાદીમાં ભારતના ત્રણ સ્થળો છે , તેમાં ચંડીગઢનું કેપિટોલ કોમ્પ્લેક્ષ, નાલંદા વિશ્વ વિદ્યાલય અને પૂર્વનો કંચન જંઘા નેશનલ પાર્કનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૪) કેપોટોલ કોમ્પ્લેક્ષ સાત દેશોના 17 સ્થળોનો એક હિસ્સો છે.

૫) ભારતના અન્ય સ્થળોમાં સિક્કિમનું કાંચનજંઘા નેશનલ પાર્ક તથા નાલંદા વિશ્વ વિદ્યાલયનું પુરાતત્વીય સ્થળ છે.

૬) સાત દેશોમાં ફ્રાંસ, સ્વીત્ઝરલૅન્ડ, બેલ્જીયમ, જર્મની, આર્જેન્ટીના, જાપાન અને ભારતનો સમાવેશ થાય છે.

૭) કેપિટલ કોમ્પ્લેક્ષની રૂપરેખા ફ્રાંસ–સ્વીત્ઝરલૅન્ડના વાસ્તુકાર લે કરબુસિયર દ્વારા બનાવવામાં આવી હતી.

**સમીક્ષા 355 તારીખ 20/7/16**

**મોહમ્મદ કૈફ છત્તીસગઢ રણજી ટીમના પ્રથમ કેપ્ટન નિયુક્ત કરાયા...**

૧) 18 જુલાઈ 2016 ના રોજ ભૂતપૂર્વ ભારતીય બેટ્સમેન મોહમ્મદ કૈફને છતીસગઢની પ્રથમ રણજી ટીમના કેપ્ટન અને મેન્ટર તરીકે નિયુક્ત કરાયા છે.

૨) કૈફની સાથે બોલિંગ કોચ તરીકે પી. કૃષ્ણકુમારને લેવામાં આવ્યા છે.

૩) કૈફે પોતાની છેલ્લી વન–ડે ઇન્ટરનેશનલ 29 નવેમ્બર 2006 માં દક્ષિણ આફ્રિકામાં રમી હતી.

૪) કૈફે ભારત તરફથી 13 ટેસ્ટમાં 624 રન બનાવ્યા છે, તેણે વેસ્ટઇન્ડીઝ સામે 148 રન નોંધાવ્યા હતા.

૫) કૈફે 125 વન–ડે મેચોમાં 2753 રન પણ બનાવ્યા છે.વિવાદના કારણે તેઓએ વર્ષ 2014 માં ઉત્તરપ્રદેશની રણજી ટીમ છોડેલી.

૬) છતીસગઢ રાજ્યની રચના બાદ પ્રથમવાર રણજી ટીમ તૈયાર કરવામાં આવી છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૭) છત્તીસગઢ ક્રિકેટ એસોસીએશને કૈફ સાથે એક વર્ષનો કરાર કરેલ છે.

**સમીક્ષા 356 તારીખ 21/7/16**

**ભારતની પ્રથમ ઈ–કોર્ટ હૈદરાબાદમાં શરુ કરાઈ...**

૧) 17 જુલાઈ 2016 ના રોજ હૈદરાબાદના ઉચ્ચ ન્યાયાલયમાં ભારતની પ્રથમ ઈ–કોર્ટ શરુ કરવામાં આવેલ છે.

૨) આ કોર્ટનું ઉદ્દ્ઘાટન સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ ન્યાયમૂર્તિ મદન બી.લોકુર દ્વારા કરવામાં આવ્યું.

૩) સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ ન્યાયમૂર્તિ મદન બી.લોકુર સુપ્રીમ કોર્ટની ઈ–સમિતિના અધ્યક્ષ છે.

૪) હૈદરાબાદ ઉચ્ચ ન્યાયાલય આંધ્રપ્રદેશ અને તેલંગાના રાજ્યની સયુંકત અદાલત છે.

૫) ઈ–કોર્ટના કારણે લોકોને સરળ અને ઝડપી ન્યાય મળી શકશે.

૬) આ કોર્ટના કારણે દેશમાં લાંબા સમય સુધી ચાલેલા કેસને હલ કરવાની સરળતા વધશે.

૭) હૈદરાબાદના ન્યાયાલયમાં એકીકૃત આપરાધિક ન્યાય પ્રણાલી શરુ કરવામાં આવશે.

**સમીક્ષા 357 તારીખ 22/7/16**

**ભારતીય ચૂંટણીપાંચ દ્વારા રાષ્ટ્રીય મતદાતા સુચિ શુદ્ધિકરણ–2016 ની શરૂઆત કરવામાં આવી.**

૧) 20 જુલાઈ 2016 ના રોજ રાષ્ટ્રીય મતદાતા સુચિ શુદ્ધિકરણ –2016 ની શરૂઆત કરવામાં આવી છે.

૨) મતદાતાઓને સુવિધાજનક સ્થાનો પર રહેલ મકાન અને ત્યાં કોઈ પરેશાની વગર પહોંચવા તેને કોઈપણ પ્રકારના લાલચ વિના મત આપવો તે આ વર્ષનો વિશેષ ઉદેશ્ય છે.

૩) આ કાર્યક્રમનો ઉદેશ્ય મતદાતા સુચીઓની શુચિતા અને નિષ્ઠાને પ્રોત્સાહન આપવાનું છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) મતદાતા સૂચિમાં સુધારો લાવવાનો અને એક મિશનન રૂપમાં કામ કરવાનો તમામ રૂપોમાં બધા નાગરિકોને આમાં સામેલ કરવાનો ઈરાદો પણ છે.

૫) મતદાતાની વિગતોમાં સુધારો લાવવા માટે પણ કામ કરશે.

૬) સારું અને ટકાઉ ઓળખપત્ર આપવા માટે પણ કાર્ય કરશે.

૭) આ કાર્ડ સાથે મતદાતાની અન્ય ઓળખ સામેલ કરવા માટે પણ કામગીરી કરવામાં આવશે.

## સમીક્ષા 358 તારીખ 23/7/16

**અજય ભૂષણ પાંડેય યુ.આઈ.ડી.એ.આઈ.ના સી.ઈ.ઓ. નિમાયા...**

૧) કેન્દ્ર સરકાર દ્વારા 21 જુલાઈ 2016 ના રોજ અજય ભૂષણ પાંડેયને ભારતની સંસ્થા યુ.આઈ.ડી.એ.આઈ.ના સી.ઈ.ઓ.તરીકે નિમાયાછે.

૨) અજય ભૂષણ પાંડેય મહારાષ્ટ્ર કૈડરના અધિકારી છે.

૩) અજય ભૂષણ પાંડેય યુ.આઈ.ડી.એ.આઈ. સંસ્થા સાથે વર્ષ 2015 થી જોડાયેલ છે.

૪) તેઓએ અમેરિકાના મિનેસોટા મીનીપોલીસ વિશ્વવિદ્યાલય માંથી કમ્પ્યુટર વિજ્ઞાનમાં ડોક્ટરની ડીગ્રી મેળવેલ છે.

૫) યુ.આઈ.ડી.એ.આઈ.ની સ્થાપના વર્ષ 2009 માં યુ.પી.એ. સરકાર દ્વારા કરવામાં આવી હતી.

૬) આધારકાર્ડ એટલે 12 અંકો વાળી વિશિષ્ઠ સંખ્યા વાળું કાર્ડ જેમાં આપની ડેમોગ્રાફિક અને બાયોમેટ્રિક ઓળખ રખાયેલ છે.

૭) ડેમોગ્રાફિક અને બાયોમેટ્રિક ઓળખથી વ્યક્તિની વિશિષ્ઠ ઓળખ સામે આવે છે.

## સમીક્ષા 359 તારીખ 24/7/16

**ભારત સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સમાં 110 માં ક્રમાંકે...**

૧) 22 જુલાઈ 2016 ના રોજ જાહેર થયેલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સમાં ભારતનું સ્થાન 149 દેશોમાં 110 મુ રહેવા પામ્યું છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૨) સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સમાં સ્વીડન દેશ પ્રથમ સ્થાને રહેવા પામ્યું છે.

૩) સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સને બહાર પડવાની કામગીરી સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સોલ્યુશન નેટવર્ક અને બર્થલ્સમન સ્ટિફ્ટંગ દ્વારા કરવામાં આવી હતી.

૪) વર્ષ 2016 માં દરેક દેશ એસ.ડી.જી.ને ધોરણે ક્યાં સ્તરે ઉભો છે તેનું આકલન કરવામાં આવ્યું હતું.

૫) સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સમાં ત્રણ બાબતો જેમાં આર્થિક વિકાસ સામાજિક સમાવેશીકરણ અને એન્વાયરમેન્ટલ સસ્ટેનીબ્લીટીને ધ્યાને રાખવામાં આવી છે.

૬) સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સમાં વિવિધ દેશોના 17 વૈશ્વિક લક્ષ્યાંકને પણ ધ્યાને રખાયા છે.

૭) સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સમાં સ્વીડન છેલ્લા ઘણા સમયથી પ્રથમ નંબર પ્રાપ્ત કરતુ આવ્યું છે.

## સમીક્ષા 360 તારીખ 25/7/16

**દેશના વડાપ્રધાન 31 જુલાઈ 2016 ના રોજ ઈન્ડિયા ગેટ  પર રન ફોર રિયોને લીલી ઝંડી આપશે...**

૧) ભારતના રમતવીરોનો ઉત્સાહ વધારવા માટે 31 જુલાઈ 2016 ના રોજ દેશના વડાપ્રધાન ઈન્ડિયા ગેટ  પર રન ફોર રિયોને લીલી ઝંડી આપશે.

૨) આગામી એક ઓગસ્ટથી દિલ્હીના સેન્ટ્રલ પાર્ક પર વિશાળ સ્ક્રીન  પર ઓલિમ્પિકનું લાઈવ પ્રસારણ દેખાડવામાં આવશે.

૩) સેન્ટ્રલ પાર્ક પર તિરંગાની નીચે સ્ક્રીન લગાવવામાં આવશે.

૪) અલગથી એક્ઝીબીશન પણ રાખવામાં આવશે,જેના  પર વિજેન્દરસિંહ સહિતના ભારતીય ઓલિમ્પિક રમતવીરોનું કટઆઉટ દેખાડવામાં આવશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) ભારત તરફથી ઓલિમ્પિકમાં ભાગ લેવા જતા મહિલા પહેલવાનો સાથે મહિલા ફીજીયો પણ જશે.

૬) ટેનીસ સ્ટાર સાનિયા મિર્ઝા સાથે તેમની માતા નાસીમા મિર્ઝા પણ જશે.

૭) નસીમા મિર્ઝા મહિલા ટીમના  મેનેજર પણ છે.

## સમીક્ષા 361 તારીખ 26/7/16

**ગણેશસિંહ ભૂમિ અધિગ્રહણ વિધેયકના સયુંકત સંસદીય સમિતિના પ્રમુખ  નિયુક્ત કરાયા...**

૧) 22 જુલાઈ 2016 ના રોજ ભારતીય જનતા પાર્ટીના લોકસભા  સદસ્ય ગણેશસિંહ ભૂમિ અધિગ્રહણ વિધેયક સયુંકત સમિતિના અધ્યક્ષ નિયુક્ત કરાયા છે.

૨) ગણેશસિંહ પૂર્વ અધ્યક્ષ એસ.એસ.અહલુવાલિયાનું સ્થાન લેશે.

૩) એસ.એસ. અહલુવાલિયાને 5 જુલાઈ 2016 ના રોજ ફેરબદલમાં સંસદીય રાજ્ય મંત્રી બનાવવામાં આવ્યા છે.

૪) નિયુક્તિ બાદ ગણેશસિંહ લોકસભામાં પેનલના કાર્યકાળના સાતમાં વિસ્તારની માંગ સંબધી પ્રસ્તાવ રજુ કરશે.

૫) ગણેશસિંહ ભારતની સોળમી લોકસભાના સભ્ય છે, તેમનું ચુંટણીક્ષેત્ર મધ્યપ્રદેશ છે.

૬) આ વિધેયક મૂળ અધિનિયમ 2013 નું સ્થાન લેશે.

૭) વિધેયક સરકારની જરૂરિયાત મુજબ પાંચ વિભાગોમાં પરિયોજનાઓને છૂટ આપવા માટે સક્ષમ બનશે.

## સમીક્ષા 362 તારીખ 27/7/16

**બ્રહ્મપુત્ર ફિલ્મ સમારોહ ગુવાહાટીમાં યોજાઈ ગયો...**

૧) 22 જુલાઈ 2016 ના રોજ અસમના ગુવાહાટીમાં બ્રહ્મપુત્રા ફિલ્મ સમારોહ યોજાયો હતો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો**

૨) આ સમારોહ ત્યાંની સમૃદ્ધ સંસ્કૃતિને ભાવ આર્પણ કરે છે, તથા ફિલ્મ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને ગૌરવ આર્પે છે.

૩) આ સમારોહમાં પૂર્વના રાજ્યોમાં મણીપુર, અસમ, મિજોરમ, અને અરુણાચલ પ્રદેશની છ નાની ફિલ્મો તથા છ મોટી ફિલ્મો દેખાડવામાં આવી હતી.

૪) આ સમારોહનું આયોજન તત્વ ક્રિયેશન દ્વારા કરવામાં આવ્યું હતું.

૫) આ સમારોહનો ઉદેશ્ય અહીના શ્રેષ્ઠ કલાકારોને ઉત્સાહ પૂરો પાડવા માટેનો છે, તથા સ્ટેજ આપવા માટેનો છે.

૬) આ સમારોહમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની પસંદગી પામેલ ફિલ્મો દેખાડવામાં આવે છે.

૭) આ ફિલ્મ સમારોહની શરૂઆત વર્ષ 2013 થી કરવામાં આવેલ છે.

## સમીક્ષા 363 તારીખ 28/7/16

**તમિલનાડુમાં દેશનો પ્રથમ ગ્રીન રેલ કોરીડોરની શરૂઆત કરવામાં આવી...**

૧) 24 જુલાઈ 2016 ના રોજ તામિલનાડુમાં દેશનો પ્રથમ ગ્રીનરેલ કોરીડોર પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે.

૨) હાલના કેન્દ્રીયમંત્રી સુરેશપ્રભુ દ્વારા આ કોરિડોરનું વિડીયો કોન્ફરસિંગ દ્વારા ઉદ્ઘાટન કરવામાં આવેલ છે.

૩) આ પ્રોજેક્ટ અનુસંધાને 114 કિલોમીટર લાંબી રામેશ્વરમથી માનામદુરે રેલ્વે લાઈન પર ટ્રેન બાયો ટોયલેટથી સુસજ્જ કરાશે.

૪) આ સાથે જ આ ટ્રેન જીરો ટોયલેટ ડિસ્ચાર્જ એટલે કે ટોયલેટની ગંદકીથી મુક્ત હશે.

૫) એક એવી પણ જાહેરાત કરવામાં આવી છે, કે ભારતીય રેલ્વે ટ્રેનના તમામ ટોયલેટને બાયો ટોયલેટમાં બદલવા માટે પ્રતિબદ્ધ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૬) વર્ષ 2016–17 માં 30000 નવા બાયો ટોયલેટ રેલ્વેમાં ઉપલબ્ધ બનાવવાના લક્ષ્ય સાથે હાલ રેલ્વે મંત્રાલય કાર્ય કરી રહ્યું છે.

૭) આ ઉદ્‌ઘાટન સાથે રેલ્વે મંત્રી દ્વારા ચેન્નાઈ સેન્ટ્રલ રેલ્વે સ્ટેશન પર વાઈ–ફાઈ સેવાનું ઉદ્‌ઘાટન પણ કરેલ છે.

## સમીક્ષા 364 તારીખ 29/7/16

**ભારત સયુંકત રાષ્ટ્ર ફંડમાં અંશદાન કરનાર પ્રથમ દેશ બન્યો...**

૧) જુલાઈ 2016 ના ચોથા સપ્તાહમાં ભારત સયુંકત રાષ્ટ્ર ફંડમાં અંશદાન કરનાર પ્રથમ દેશ બન્યો છે.

૨) સયુંકત રાષ્ટ્રના શાંતિરક્ષક અભિયાનમાં સૌથી વધારે સૈનિક દેનાર દેશોમાં ભારતે શાંતિરક્ષકો દ્વારા યૌન શોષણની શિકાર પીડિતો માટે બનાવાયેલા એક ટ્રસ્ટ ફંડમાં 100,000 અમેરિકી ડોલરનું અંશદાન કરેલ છે.

૩) આ ખાતાને દાન આપનાર દેશોમાં ભારતનું સ્થાન પ્રથમ છે.

૪) આફ્રિકા ખંડના મધ્યમાં રહેલા દેશોમાં કાર્ય કરી રહેલા શાંતિરક્ષકો પર યૌન ઉત્પીડનના સૌથી વધારે આરોપો લગાવવામાં આવ્યા છે.

૫) વર્ષ 2016 માં આજ સુધીમાં યૌન ઉત્પીડન માટેના 44 કિસ્સાઓની ફરિયાદ સયુંકત રાષ્ટ્રને મળી ચુકી છે.

૬) ઉપરોક્ત તમામ કિસ્સાઓમાં ક્યાય ભારતીય જવાનોની સામેલગીરી ધ્યાને આવેલ નથી.

૭) શાંતિ અભિયાનમાં સૌથી વધારે સૈનિકો ઉપલબ્ધ કરાવનાર દેશોમાં ભારતને સ્થાન મળી ચુક્યું છે.

## સમીક્ષા 365 તારીખ 30/7/16

**29 જુલાઈ 2016 ના રોજ આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ મનાવવામાં આવ્યો...**

૧) આ દિવસ દર વર્ષે વાઘના સંરક્ષણ દેવાના ઉદેશ્ય સાથે મનાવવામાં આવે છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૨) આ દિવસનો ઉદેશ્ય વાઘના સંરક્ષણ માટે તેના પ્રાકૃતિક નિવાસને જાળવી રાખવા માટે મનાવવામાં આવે છે.

3) આ દિવસની શરૂઆત વર્ષ 2010 માં મળેલ પીટ્સવર્ગ આંતરરાષ્ટ્રીય વાઘ સંમેલનમાં કરવામાં આવી હતી.

૪) વાઘના જાણકારોના કહેવા પ્રમાણે છેલ્લા 100 વર્ષોમાં વિશ્વમાંથી 97 ટકા વાઘ પોતાનું અસ્તિત્વ ઉભું છે.

૫) વર્લ્ડ વાઈડ ફંડ અને ગ્લોબલ ટાઈગર ફોરમના અનુસાર વર્ષ 2010 માં વાઘની સંખ્યા 3200 હતી.

૬) હાલના સમયમાં ભારતમાં વાઘની સંખ્યા 2226 છે.

૭) ભારત અને બાંગ્લાદેશની સરહદ પર આવેલ સુંદરવનમાં વિશ્વના સૌથી વધારે વાઘ જોવા મળે છે.

## સમીક્ષા 366 તારીખ 31/7/16

ટી.નંદ કુમારે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના નિર્દેશક પદ પરથી રાજીનામું આપ્યું...

૧) 29 જુલાઈ 2016 ના રોજ ટી.નંદ કુમારે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડના નિર્દેશક પદ પરથી રાજીનામું આપેલ છે.

૨) તેમનું રાજીનામું 27 જુલાઈ 2016 ના રોજ નિયુક્ત સમિતિ દ્વારા સ્વીકારી લેવામાં આવ્યું હતું.

3) કુમારનો કાર્યકાળ વર્ષ 2019 માં પૂરો થઇ રહ્યો હતો, 1 ઓગસ્ટ 2016 ના રોજ તેઓ મુક્ત થશે.

૪) કુમારે વર્ષ 2010 માં આઈ.એ.એસ.માંથી સેવા નિવૃત્તિ લીધી હતી.

૫) કુમારે માર્ચ 2014 માં એન.ડી.ડી.બી.ના નિર્દેશક પદ પર નિયુક્ત થયા હતા.

૬) એન.ડી.ડી.બી. ની સ્થાપના વર્ષ 1965 માં કરવામાં આવી હતી.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૭) એન.ડી.ડી.બી. ની સ્થાપના ત્રિભુવનદાસ પટેલ અને ડો.વર્ગીસ કુરિયનના હાથે કરવામાં આવેલ છે.

**– પરેશ ચાવડા**

**– પરેશ ચાવડા**

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**